દાખલ તારીખ :– ૧૨/૧૦/૨૦૨૨
નોંધ્યા તારીખ :– ૧૨/૧૦/૨૦૨૨
ફેંસલ તારીખ :– ૧૩/૦૫/૨૦૨૩
સમયગાળો :– વર્ષ – માસ – દિવસ.
૦૦ – ૦૭ – ૦૧

**મે.રાધનપુરના એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.રાધનપુર**

ફોજદારી કેસ નંબર :–૧૩૧૮/૨૦૨૨
આંક :–૦૭.

ફરીયાદી :– ધી સ્ટેટ ઓફ ગુજરાત.

વિરૂઘ્ધ

આરોપી :– અમરતભાઈ ચતરાભાઈ ઉર્ફે સતાભાઈ ઠાકોર, ઉ.વ.૩૫,
રહે.ચલવાડા, તા.રાધનપુર, જી.પાટણ

**ગુનો :– ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ– ૬૫ (એફ) મુજબનો..**

**–:: ઠ રા વ ::–**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટમાં બતાવેલ તારીખ, સમય અને સ્થળે દેશી દારૂ / દેશી દારૂ બનાવવાના વોશ સાથે મળી આવેલ હોય, જે અંગે ફરીયાદીએ આપેલ અને ફરીયાદના આધારે તપાસ કરનાર અધિકારીએ તપાસના અંતે આરોપી વિરૂઘ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ– ૬૫ (એફ) શિક્ષાને પાત્ર ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આરોપીને સમન્સ/વોરંટ ઈસ્યુ કરતા આરોપી કોર્ટ સમક્ષ હાજર થયેલ છે, આજરોજ નામદાર સર્વોચ્ચ અદાલત તથા નાલ્સાના માર્ગદર્શન મુજબ આજરોજ લોક–અદાલત સાથે સ્પેશ્યલ સીટીંગનું આયોજન કરવામાં આવેલ હોય, જેથી તે અંગેના આરોપીને સમન્સ ઈસ્યુ કરતા આરોપી હાજર થયેલ છે. ત્યારબાદ આરોપી સામે તહોમતનામું ફરમાવવામાં આવેલ અને આરોપીની પ્લી નોંધતા આરોપીએ ગુનાની કબુલાત કરેલ છે. સાથો સાથ ગુના કબુલાતની પુરસીસ પણ આપેલ છે અને તેમાં ઓછામાં ઓછી સજા / દંડ કરવા વિનંતી કરેલ છે. મુદ્દામાલ અંગે કોઈ કલેઈમ નહી હોવાનું જણાવેલ છે. આરોપીએ તેની ગુના કબુલાત પુરસીસમાં તેમજ મૌખિક રજુઆતમાં જણાવેલ છે કે, તે ગરીબ અને કુટુંબ કબીલાવાળા માણસ છે, આ પ્રથમ વખતનો ગુનો છે, ફરી આવો ગુનો નહી કરે તેની ખાત્રી આપેલ છે. જેથી દયાભર્યો હુકમ કરવા અરજ કરેલ છે.

(૩) આરોપીને ગુના બાબતે પુછતા પોતાની મરજીથી અને સ્વૈચ્છાએ ગુનો કબુલ કરતા હોવાનું જણાવે છે. વધુમાં આરોપીને તેની કબુલાત તેમના વિરૂઘ્ઘનો પુરાવો ગણાશે અને તેઓ આ રીતે ગુનો કબુલ કરવા બંધાયેલા નથી, તેવી સ્પષ્ટ સમજ આરોપીને આપવામાં આવેલ છે. તેમ છતા આરોપીએ પોતાની રાજીખુશી અને મરજીથી કબુલાત કરેલ છે. જેથી આરોપીની કબુલાત સ્વૈચ્છીક હોવાનું જણાઈ આવે છે. પરંતુ આરોપી સામેનું ચાર્જશીટ જોતા આરોપીનો કોઈ ગુનાહિત ઈતિહાસ હોવાનું ફલિત થતુ નથી. કેસના સંજોગો, આરોપીની કેફીયત, તેમજ તેના કુટુંબની જવાબદારી તથા આર્થિક સ્થિતિ ઘ્યાને લેતા અને આરોપી સ્વૈચ્છીક રીતે કબુલાત કરતા હોવાનું ઘ્યાને લેતા, આ કામે આરોપીના ગુનાની ગંભીરતા કાયદામાં ફરમાવેલ ગુનાની જોગવાઈ ઘ્યાને લેતા તથા સાથે સાથે આરોપીની વર્તણુંક અને તેની સામે અન્ય કોઈ ગુના નોંધાયેલ હોય તેવો હાલ કોઈ પુરાવો ચાર્જશીટ સાથે રજુ રાખેલ ન હોય તે તમામ હકીકતો અને આરોપીની આર્થિક, કૌટુમ્બીક જવાબદારીઓ ઘ્યાને લેતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટ દવારા (૧) મઘ્ય પ્રદેશ રાજય વિ. મુન્ના ચોબો તથા અન્ય તેમજ (૨) મઘ્ય પ્રદેશ રાજય વિ. ઘનશ્યામસીંગ (રીપોર્ટેડ ૨૦૦૩(૮) એસ.સી.સી. ૧૩) તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરીચંદજી ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર. ૭૦૯ ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંત ઘ્યાને લેતા હાથ પરના કેસના સંજોગો જોતા તે આ કેસમાં લાગુ પાડી શકાય તેમ હોવાનું આ અદાલતનું માનવુ છે અને આરોપીને કાયદામાં કરેલ જોગવાઈ કરતા ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. વધુમાં આરોપીની ગુના કબુલાત પુરસીસ ઘ્યાને લેતા, આરોપી ગુનો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. જેથી ઉપરોકત ચુકાદો ઘ્યાને લેતા અને તેમાં ઠરાવેલ સિઘ્ધાંત ઘ્યાને લેતા આરોપીને તકસીરવાન ઠરાવી ન્યુનતમ સજા કરવાનું વાજબી અને ન્યાયોચિત જણાઈ આવતુ હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૧ અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ– ૬૫ (એફ) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી, કોર્ટ ઉઠતા સુધીની સજા તેમજ રૂા.૧૦૦/– અંકે રૂપિયા એકસો પુરાનો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દંડ ન ભરવા સબબ દિન–૩ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. અપીલ સમય બાદ કિંમતી મુદ્દામાલ સરકારશ્રીમાં ખાલસા કરવો તેમજ બાકીના મુદ્દામાલનો નાશ કરવો.

આ હુકમ આજરોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૩/૦૫/૨૦૨૩
રાધનપુર

( મનીષ ભરતભાઈ નિમાવત )
એડી. ચીફ જયુડી. મેજી. રાધનપુર
(UID CODE No. GJ-00971)

જી.એચ.ઓઝા, ગુજ.સ્ટેનો.